શ્રીઃ

શરીર રક્ષક કે આરોગ્યતા-ની ચાવી.

દીનચર્યા, ઋતુચર્યા અને કુદરતી પાળવાના નિયમો

વાળો

આરોગ્ય, દોલત અને આબાદીનો રસ્તો બતાવનાર

ઉત્તમ આયુર્વેદિક પુસ્તક.

લેખક અને પ્રકાશક,

રાજવૈદ્ય ગુલાભાઈ જીભાઈ પઠાણ.

ઠે. ગાંધી રોડ હવેલી અમદાવાદ (ગુજરાત).

છાપનાર,

શ્રી "રોયલ કોરોનેશન" પ્રિન્ટીંગ પ્રેસમાં

મેનેજર ઇબ્રાહીમ મીયાંભાઈએ છાપી.

આવૃત્તિ બીજી   પ્રત ૩૦૦૦

વિક્રમાર્ક ૧૯૮૨   સને ૧૯૨૬

કીંમત પોસ્ટેજ ખર્ચ આપવાથી તદ્દન મફત.

મોકલવામા

૨ [illegible] મ પુરતુરી [illegible] ગલાહ મફત આપવામા આવશે.

૩ આફ્રિકા અને બરમા વગેરે વી. પી. ન [illegible] મનીઓર્ડરથી નાણાં મોકલવા.

૪ આ ચોપડીમા છપાયેલ નિદાન વગેરે તે [illegible] તે દવા મંગાવી. તે પ્રમાણે [illegible] [illegible] [illegible] આવશે

૫ રૂપીઆ દશ કરતા વધુ રકમની દવા મંગાવનારને પોસ્ટ પા ખર્ચ દરેક દવા મફત મોકલવામા આવશે

૬ એકદમ ગરીબ અને નાદારોને મફત દવા આપવામા આવશે

એજન્ટો માટે નિયમો

૧ એજન્સી રાખનારાઓને સેંકડે પચીસ ટકા કમીશન આપવામા આવશે.

૨ માલ વી. પી. પારસલથી રવાના થશે માલ વી. પી. થી નહિ મંગાવનાર પાસેથી રૂ ૧૦૦) ડીપોઝીટ લેવામા આવશે. એજન્ટોએ માસિક વેચાણનો હિસાબ મોકલવો જોઈએ.

૩ માલ નહિ ખપે તો [illegible] માસે પાછો આપવામા આવશે.

૪ એજન્ટોને ખપ્યાઓની આપોની બે નાની દવાઓ મફત આપવામા આવશે.

૫ એજન્ટોને હેન્ડબીલો, સૂચીપત્રો, સાઈન બોર્ડ વગેરે મફત પુરા પાડવામા આવશે.

બાલ આયુર્વેદિક ફાર્મસી

ઠેક. [illegible] અમદાવાદ (ગુજરાત).

પ્રસ્તાવના.

પરમ કૃપાળુ પરમાત્માએ મનુષ્ય દેહને ઉત્તમકોટિનો બનાવેલો છે. તેના હજારો ઉપકાર મનુષ્ય જાતિ ઉપર છે, તેણે મનુષ્યને જડ અને ચેતન વસ્તુઓ ઉપયોગ માટે આ સૃષ્ટિમાં સરજાવી છે. એટલુંજ નહિ પણ ધાતુ-રત્ન વગેરે અમૂલ્ય શણગારરૂપ અનેકાનેક ચીજો મનુષ્ય માટેજ નીર્માણ કરી છે. તો મનુષ્યની મુખ્ય ફરજ એ છે કે, તેના કોટાવધિ ઉપકારોનો યત્કિંચિત બદલો વાળવા તેની સ્નેહ ભાવે ભક્તિ કરવી જોઈએ

ભક્તિમય બનવા અગર ઇશ્વર પરાયણ થવા માટે શારીરિક શક્તિ અને દ્રઢ મનની અવસ્યકતા છે. સાફ અને વિમળ હૃદયથી એકાગ્ર-ચિત્તથી ભક્તિમય બનતા દિલની અંદરનો પ્રકાશ સ્વચ્છ થાય આવી રીતે જીવન સાફલ્યનું પ્રથમ પગથીઉં પસાર કરે તો મુદ્દતો પછી હકીકી ઇશ્ક (સાચો ભક્તિભાવ) ની લગની-લેહ લાગતા ઉત્તમ દેહની ઉત્તમતા સાબિત કરી શકાય.

જ્યારે શારીરિક સંપત્તિ સારી હોય ત્યારેજ સર્વ પ્રકારનું સુખ આ નાશવંત દેહ ભોગવવા ભાગ્યશાળી થાય. મનુષ્ય માત્રને કંઈપણ કરી બતાવવાની અને આ લોક તથા પરલોક માટે સુખનાં સાધન એકઠા કરવાની ખાસ જરૂર છે અને તેનો મુખ્ય આધાર શરીર છે. શરીર દુરસ્ત કિંવા રોગ રહીત હોય ત્યારેજ દરેક કારણો પાર પાડવા

તે હિંમત કરી શકે છે. અને ફતેહમંદી મેળવે છે. શરીર નબળું, પોચું, રોગિષ્ટ હોય તો તેનું મન નબળું અને શંકાશીલ રહે છે જ્યારે મન આવી રીતે રહે તો તે પોતા માટે ભારરૂપ લેખે તો બીજા માટે તે શું કરી શકે વારૂ?

આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે, દરેક મનુષ્યે પોતાની શારીરિક સંપત્તિ સંપૂર્ણ કાળજીથી જાળવવી જોઇએ. અને શરીર નિરોગી, મજબુત રાખવું જોઇએ. અને તેને માટે ખાવા પિવા વગેરેમા તથા કાર્ય કરવામાં નિયમિત થવું જોઇએ. વળી શરીરના બંધારણ મુજબ યોગ્ય કસરત કરવી અને શરીર સુખાકારીના અન્ય નિયમો જાળવવા, જો આવી રીતે મનુષ્ય ચાલે તો વૈદ્યો-ડૉકટરોને તેમના બીલો ચૂકવવા પડે નહિ. એટલુંજ નહિ પણ અન્યાન્ય ફાયદા તે મેળવી શકે

ઉપર જણાવેલા નિયમો પાળવામા કોઇપણ પ્રકારે તકલીફ પડતી નથી તેમ પૈસા વગેરેનું ખર્ચ કરવું પડતું નથી. અને તેનાથી બેદરકાર રહેનાર હરકોઇ વ્યક્તિ રોગનો ભોગ થઇ પડી શરીર, મન વગેરે નકામાં કરે છે એટલુંજ નહિ પણ ખોળીયાના અવયવોને પણ અસ્તવ્યસ્ત બનાવે છે વળી કેટલાક ખરાબ કુટેવોના ભોગે અને અ-નીતિમય રસ્તે જતાં વીર્યહીન થઇ અલ્પાયુષ્યમાંજ પરલોક ગમનના

ભણી તરફ પ્રયાણ કરે છે.!! અફસોસ!

ચાલુ જમાનામાં ઘણાએ માણસો બચપણમાં, ભરજુવાનીમાં કે જુવાનીની શરૂઆતમાં હસ્તદોષ જેવી મહા ભયંકર કુટેવોના સહવાસમાં સપડાઇ જાય છે તો કેટલાક દુર્વ્યસનોમાં અને કેટલાક અતિ સ્ત્રી વિહારમાં પડી આ સુખરૂપ સંસારમાં નર્કાગાર બનાવી પોતે જિંદગીથી કંટાળે છે અને વધુ દુઃખ સહન નહિ થતાં જીવનદોરી વિના કારણ આપઘાત કરી તોડી નાખે છે અને દરબારે હજુર ચાલી નીકળે છે.

પ્રિય વાંચક વર્ગ? મારી અલ્પમતિ અનુસાર આ લઘુ પુસ્તક જન-સમુહના હિતાર્થે બાહેર પાડવામાં આવ્યું છે, તેમાં દરેક સ્ત્રીએ અને પુરુષે કેવી રીતે ચાલવુ તેનો વિગતવાર ખુલાસો કરવામાં આવ્યો છે. અને કોઇપણ વ્યક્તિ તેને અથઇતિ વાંચી મનન કરે તો પોતે રોગથી દૂર રહી શકે અને અનેકાનેક ફાયદા ઉઠાવી શકે એમ છે.

માણસ માત્ર ભૂલને પાત્ર છે, એ નિયમાનુસાર ઘણાઓથી નિયમો બરાબર પળાતા નથી અગર જાણી જોઇને શરીર સંભાળવામાં બેદરકાર રહેવાય છે જેથી કેટલાક રોગો વ્હોરી લે છે. અને સમય જતા તે રોગો ઘર કરીને રહે છે જેથી તેની વેદના તે ભોગવે છે.

અમારા પરમપૂજ્ય ગુરુશ્રી સંસાર વિરક્ત મહાત્મા ગોવિંદદાસજીની અગાધ કૃપાથી આ ફાર્મસી કાઢવા કિંકર શક્તિમાન થયો છે અને અનેક સાધુ, ફકીર, સંત, યતિ વગેરેની સેવાઓનું ફળ ?

આશીર્વચનોથી મેળવવા ભાગ્યશાળી થયો છું. જેથી તેઓનો હું અત્યંત ઋણિ છું અને પરમકૃપાળુ–દયાળુ પરમાત્મા પાસે ઇચ્છું છું કે એવા એવા પ્રભુમય મહાત્માઓની શુભાશીશ અહરનિશ મળતી રહે ! અસ્તુ.

આ લઘુ પુસ્તકમાં રોગના કારણ, દીનચર્યા, ઋતુચર્યા વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. અને અનેક મહદ ગ્રંથકારોના પ્રાચિન પ્રયોગાનુસાર દવાઓ નેકનામદાર ઠાકોર સાહેબની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.

દવાઓ, ભષ્મો, પ્રયોગો વગેરે તૈયાર કરવામાં ચરક, સુશ્રુત, વાગ્ભટ્ટ, માધવનિદાન, ભાવપ્રકાશ, યોગ્યરત્નાકર, હારિતસંહિતા, સારંગધર, રસરાજસુંદર વગેરે અમૂલ્ય ગ્રંથોનું મનન કરી તૈયાર કરવામાં આવે છે જેથી તે સર્વ ગ્રંથ કર્ત્તા મહાત્માઓનો આ સ્થળે દીલ અને જાનથી ઉપકાર માનું છું.

સેવક આશા રાખે છે કે હરકોઇ મનુષ્ય સ્ત્રી કે પુરૂષ આ લઘુ પુસ્તક વાંચી મનન કરશે તો મારો પ્રયાસ સફળ થએલો માનીશ.
सुज्ञे षु किं बहुना.

મુ. કોઠ ગાંગડ સ્ટેટ.
જીલ્લે અમદાવાદ
૧૦–૬–૨૯

લી૦ જનસેવક,
વૈદ્ય ગુલાબાઇ જીભાઇ પઠાણ.
વ્યવસ્થાપક બાલ આયુર્વેદિક ફાર્મેસી.

શરીર રક્ષક કે આરોગ્યતાની ચાવી.

धर्मार्थ काम मोक्षणां, शरीर साधनं यतः

અર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પદાર્થો આ મનુષ્ય જન્મના મુખ્ય સાધનો છે, એ ચારે પદાર્થને સાધ્ય કરવા માટે શરીર એજ મુખ્ય સાધન છે, તો આ લઘુ પુસ્તકના નિયમોનુ પાલન કરી આરોગ્યવાન બનો.

ઉગતી પ્રજાનું કર્ત્તવ્ય.

આપણે આપણી આસપાસની. દરેક વસ્તુનું જ્ઞાન આ જગતમાં ધરાવીએ છીએ, અને તે જ્ઞાન કરવા સારૂ દરેક ધંધાના જોડાઇએ છીએ, ને તે કામ શીખવા માટે પુસ્તકો, શાળાઓ કારખાનાઓ વગેરેમા તાલીમ લઇએ છીએ. અને તેના સાધનો જગતમાં દિન પ્રતિદિન વધતા જાય છે પણ આપણે દરેક વસ્તુ કર્મ ધર્મ, મોક્ષ કાન્વિષ્ણુ જીંદગીમા સ્વાર્થ કિંવા પરમાર્થ કરીએ છીએ તે સાધન રૂપ અમૂલ્ય વસ્તુ શરીર છે. તે સંબંધી સામાન્ય રીતે આ બાબતમાં ખરૂ જ્ઞાન આપવામા આવતું નથી એ કેટલા અફસોસની વાત છે. તે સબંધી મારી અલ્પ બુદ્ધિથી કાંઇક બે બોલ લખવા માગું છું.

હે! આર્ય બંધુઓ વિચારો કે આપણા પૂર્વજો કદાવર બાંધાના, બળ-

વામાવિલાસ એ શ્રી મહાત્માએ. બતાવેલી દૈવી ગુટિકા ^

વાન, મજબુત રોગ રહિત અને સેંકડો વરસની આયુષ્ય ભોગવતા હતા. આપણે તેના વંશજો હોવા છતા અત્યારે ઠીંગણા બાધાના, કમજોર, રોગિષ્ટ અને ટુંકી આયુષ્યવાળા શાથી થયા? તેના ખાસ મુખ્ય કારણો તો એજ છે કે આપણું બળબીજ (વીર્ય) નબળું પડવાથી આપણી-આર્યપ્રજા આવી અધમ ગતિએ આવી પહોંચી છે, બળબીજ બગડવામાં કેટલાક કારણો ઉત્તરોત્તર કાળથી ચાલતાં આવે છે. તે બાબત જાણવી જોઈએ. (૧) ઉગતી પ્રજા ઘણીજ નઠારી ટેવોનો ભોગ થઇ છે. (૨) બાળલગ્ન (૩) દુર્વ્યસનો અને વ્યભિચાર, વગેરે ઉપલા કારણોથી આપણું બળબીજ (વીર્ય) નબળું પડી શરીર રોગિષ્ટ થયા અને આવા કૌવત વિનાના બીજથી જે પ્રજા બળહીન ને રોગવાળી થાય તેમા શું નવાઈ? એક ગ્રામ્ય કહેવત છે કે "વડ જેવા ટેટા ને બાપ તેવા બેટા" અર્થાત આ કહેવત સત્ય છે જેવું બી વાવશો તેવું ફળ પામશો. એ કુદરતનો કાયદો છે. એક બાગવાન યા ખેડુત હશે તે પોતાના બાગમા યા ખેતરમા સારામા સારૂ બી લાવી ઘણી માવજત સાથે તેને યોગ્ય જગ્યામાં વાવી તેની બરાબર રીતે સંભાળ રાખી તેની માવજત કરશે તો કુદરત તેને જરૂર સારૂં ફળ આપશે. તેજ પ્રમાણે આપણા પૂર્વજોનું બળબીજ (વીર્ય) અત્યારે આપણામા કમતાકાતને નિર્માલ્ય થઇ ગયું છે. તેને દરેક રીતે સુધારી પોતામાં જે ખરાબ આદતો હોય તે કાઢી યોગ્ય નિયમોથી ચાલીશું તો જરૂર આપણા પૂર્વજો પ્રમાણે થોડાઘણા બાગે થઇ શકીશું. આપણે શારીરિક હાલતમાં આવ્યા પછી દરેક કામ કરવામાં શક્તિમાન થઇ શકીશું.

હાલમા દિન પ્રતિદિન પુખ્ત ઉમ્મરના જુવાનીઆઓ સેંકડે ૯૦ ટકા

પાપવિલાસમા દૈવી ચમત્કાર છે.

નઠારી સોબતથી એક બીજા સૃષ્ટિવિરુદ્ધ કર્મ મૈથુન કરે છે, હાથ રસ જેવી કાતિલ કુટેવોના પંજામા સપડાઈ, કાચી વયે, પોતાનું વીર્ય તોડી નાખી ગેર ઉપયોગ કરી પોતાના શરીરની ખાનાખરાબી કરી નાખે છે. તે ખરાબ આદત એટલી કાતિલ છે કે તેના પંજામા સપડાયા પછી જીંદગીની પાયમાલી થયા વિના છુટકો થતોજ નથી, શરીરમાથી કાચું વીર્ય તુટવાથી શરીરને એકદમ આંચકો લાગે છે, માણસનું શરીર અદભૂત રચનાનું છે તેમા પણ સઘળા ભાગો કરતાં શરીરમાં મનુષ્યોની વૃદ્ધિ કરનારા ભાગનો વ્યાજબી ઉપયોગ કરવાને બદલે ગેરવ્યાજબી ઉપયોગ થવાથી ઉપર બતાવેલી મહા હાનિકારક કુટેવોથી તેની શકિતને તોડી નાખી પાયમાલ થતાં ઘણા માણસો આપણી નજરે જોવામા આવે છે.

આ ઝેરી ને કાતિલ કુટેવના ફંદામા દરેક દેશના જુવાનીઆઓ આવી પડે છે, આ કુટેવનું નીચ કર્મ સઘળા દુરગુણોમાં સૌથી વધારે ભયંકર દુર્ગણ છે ને મોટામા મોટું પાપ છે. ચોરી કરવી, જુગાર ખેલવો, ધુતારા થવું, વિશ્વાસઘાત કરવો વગેરે આવા ભયંકર પરિણામો એ આ નીચ કાતિલ કુટેવનુંજ પરિણામ. આ બુરી કુટેવનું ઝેર શરીરમા દાખલ થયા પછી ગમે તેવા બળવાન જુવાનને પણ શરીર બાળી નાખી, ગુલાબી ગાલો ફીકા કરી નાખે છે, પાચન શકિતને મંદ પાડી ઝાડાની કબજીયાત કરી માથામા, પગમા, કમરમા ને બરડાની કરોડમા દર્દ પેદા કરે છે, પોતાના હાથે પોતાના પગ દાબે છે, આખો ઊંડી જાય છે, આંખે અંધારા આવે છે, ચહેરો ફીકો પડી જાય છે, અને શરીરમા જે સત્વ તત્વ કે રાજા રૂપે રહેલ વીર્યનો અભાવ થવાથી સંધીવા, ચાંદ, ક્ષતર, શ્વાસ, ખાંસી, ક્ષય, વગેરે હજારો, દર્દો શરીરમા દાખલ

"વાણીવિલાસ અમારા ગુરુશ્રીની એક અમૂલ્ય ભેટ છે

થઈ શરીરની પાયમાલી કરી નાખે છે. આ તમામ મહા ભયંકર કાતિલ કુટેવનું પરિણામ છે. શરીરના તમામ અવયવો ખીલતા બંધ પડી ટુંકા થઈ જાય છે. તેમા શરીરનો મુખ્ય ભાગ મૂળમાંથી પાતળો કઠણાં ટુંકો ને વક્રતા પામી બળહીન થઇ મુરદાલ થઈ જાય છે આ કુટેવથી મન હંમેશાં ચિન્તા ને ઉદાસમાં રહ્યા કરે છે મગજ શૂન્ય થઈ યાદશક્તિ નાશ પામે છે. કોઇની વાતચીત ગમતી નથી, એકાંત વધારે પસંદ પડે છે, વગેરે તમામ કારણો તે મહા ભયંકર બુરી આદતનુ પરિણામ છે

આ કાતિલ કુટેવના પંજામાં સપડાએલા માણસોને પરણાવે છે તો તેને સંસાર ખારો ઝેર તથા દુઃખમય લાગે છે. આવી બુરી આદતના પરિણામવાળુ બળબીજ સુધાર્યા વિના સંતાન થતું નથી કદાપિ થાય છે તો રોગિષ્ટ ટુંકા આયુષ્ય વાળું હોય છે, માટે આ બુરી આદતના પરિણામની દરેક દેશના જુવાનીઓને જાણ થાય અને પોતાના બાપ કે વાલી ઉગતી પ્રજાની રહેણી કરણી ઉપર બરાબર દેખરેખ રાખે તો ભવિષ્યની પ્રજાનુ બળબીજ બગડતું અટકે અને જીંદગીની પાયમાલી થતી અટકે ને આપણા આર્ય બંધુઓની શારીરિક હાલત સુધરે માટે દરેક માણસને ઉગતી પ્રજા ઉપર પુરતી દેખરેખ રાખવાની ખાસ જરૂર છે.

જેવી રીતે જુવાનીઆઓ બુરી કુટેવોથી પોતાનું બળબીજ બગાડે છે તેવીજ રીતે ચાલુ જમાનાની જુવાન બાળાઓ પણ ખરાબ કુટેવોથી શરીરનું સૌંદર્ય ખોઇ બેસે છે અને પ્રદર વગેરે રોગોનો ભોગ થઈ ભવિષ્યમાં બાળકોની માતા થતી અટકે છે તેમને પણ બળબીજ સુધારવાની

કામ.વિલાસ અદ્‌ભૂત વિર્યનો બંધનો છે.

ખાસ જરૂર છે,

બાળલગ્ન.

એ આપણી ખાનાખરાબીનું નઠારૂં પગથીઉં છે, વળી કેટલાક કોમોમાં પારણામાં સૂતેલા બાળકોના લગ્ન કરી નાખવામાં આવે છે. આપણે વિચાર કરો કે એક જાનવર ખરીદીએ છીએ તો તેની ઉમ્મર, જાત, કુટેવો ને ખામીઓની બરાબર તપાસ કરીએ છીએ. એતો જીંદગીને એક બીજાનો સંબંધ જોડવાનો છે ને ભવિષ્યમાં તેના ઉપરથી નરરત્નો રૂપી ફળ લેવાના છે, તે બાબતનો કશો પણ વિચાર કર્યા સિવાય લગ્ન કરી દેવામાં આવે છે. આપણે અત્યારે કેટલાક દાખલા જોઈએ છીએ કે તેર વરસની બાળાને ફરજંદ થાય છે આ બાબત આપણા દેશની અધમગતિ દેખાડે છે. આટલી ઉમ્મરે ગર્ભ રહેવાથી ગર્ભાશય પકવ થયા વિના જે બાળક થાય છે તે રોગિષ્ટ બળહીન, ટુંકા આયુષ્ય વાળું થાય છે તો લગ્ન માટે ધર્મશાસ્ત્ર ને વૈદકશાસ્ત્ર જણાવે છે કે ૧૨ થી ૧૬ વરસની બાળા સાથે ૧૭ થી ૨૫ વરસ સુધીના પુરૂષ સાથે લગ્ન કરવા જોઈએ.

એક બીજાનો સ્વભાવ શારીરિક બાંધો વગેરેનો બરાબર વિચાર કરી લગ્ન કરવા જોઈએ તે પ્રમાણે ન થતાં કાચી ઉમ્મરમાં લગ્ન કરવાથી વિદ્યાકળાનો નાશ થાય છે. ને કાચી ઉમ્મરમાં વીર્ય તુટવાથી શરીર નષ્ટ થઈ જાય છે તો આવા સંજોગોમાં આવેલા માણસોએ પોતાનું બળબીજ ખાસ સુધારવું જોઈએ દરેક ગ્નાતિના આગેવાનો સમજે અને બાળલગ્ન બંધ કરે ને આટલી અમુક ઉમ્મરેજ દીકરા દીકરીના લગ્ન

કરવા અને એવા ઠરાવ કરે તો આ દુષ્ટ રિવાજ બંધ થાય ને આપણી ભારત ભૂમીની ઉન્નતિ થાય તો દરેક માણસો આ બાબત ઉપર ખાસ ધ્યાન ખેંચશે એવી આશા છે.

પ્રાચિન વિવાહ.

પ્રાચીન કાળમા આઠ વરસનું બાળક થયા પછી ઉપવિત સંસ્કાર કર્યા પછી વિદ્યાભ્યાસ ૨૪ વરસ સુધી કરવામા આવતો તે દરમીયાન અસ્ખલિત બ્રહ્મચર્ય પાળવામાં આવતું ત્યારબાદ ૨૫ વરસે યોગ્ય કન્યા સાથે લગ્ન કરવામા આવતા આથી બરાબર બળબીજ સચવાઇ રહેવાથી જે ફરજંદ થતા તે મજબુત બાંધાના રોગ વિનાના બુદ્ધિવાન પરાક્રમી અને લાંબા આયુષ્યવાળા થતા, કેટલાક ઐતિહાસિક ગ્રંથો જોતા આપણી આર્યાવર્તમા જે જે પરાક્રમી નર રત્નો થઇ ગયા તે તે પુખ્ત વયે કરેલા બળબીજના સંતાનો હતા માટે દરેક બાંધવોનું આ બાબતમા ધ્યાન ખેંચવા મારી અરજ છે.

બ્રહ્મચર્ય.

આપણું શરીર સાચવવું તથા આપણા બાળકોની તન્દુરસ્તી જાળવવી તે ફરજ દરેક માણસને પહેલી છે શરીર સાચવવાથી દરેક કામ માણસ સહેલાઇથી કરી શકે છે શરીરના સંરક્ષણ માટે આયુર્વેદિકમા કહેલા નિયમોના જ્ઞાનની અને તે પ્રમાણે વર્તવાની ખાસ જરૂર છે. તેમાએ મુખ્ય બળબીજ ને બરાબર સાચવવાની ખાસ જરૂર છે. તો તેનુ રક્ષણ કરવા માટે દરેક માણસે પુખ્ત ઉમ્મર સુધી બ્રહ્મચર્ય પાળવું જોઇએ શાસ્ત્રમા નીચે પ્રમાણે આઠ પ્રકારે બ્રહ્મચર્ય પાળવા લખ્યું છે.

બાલામૃતવિલાસ શરીરને પુષ્ટ કરે છે.

૧ સ્ત્રીનું સ્મરણ ન કરવું, ૨ સ્ત્રી સાથે રમણ ન કરવું, ૩ સ્ત્રીના ગુણનું વર્ણન ન કરવું. ૪ સ્ત્રીને સકામ દષ્ટિથી ન જોવી, ૫ સ્ત્રીના સાથે એકાતમા છાની વાત ન કરવી, ૬ સ્ત્રી સંબંધનો મનમા સંકલ્પ ન કરવો. ૭ સ્ત્રીના સંબંધમા કોઇપણ પ્રકારનો મળવા વગેરેનો નિશ્ચય ન કરવો. ૮ સ્ત્રીનો શારીરિક સંગ ન કરવો.

આ આઠ પ્રકારના નિયમો પાળવાથી બળબીજનો યોગ્ય ઉમ્મરેજ વ્યય થાય છે. આથી બળ, બુદ્ધિ, કાન્તિ શરીરનો બાંધો મજબુત થઇ દુનીઆદારીના કામોમા ઉત્સાહ સાથે નિરોગી શરીર રહી લાંબુ આયુષ્ય ભોગવે છે. આ લોકને પર લોકમા તેનું સાર્થક થાય છે વીર્ય એ આપણી જીંદગીને ટકાવી રાખનાર અમૂલ્ય વસ્તુ છે.

જે આપણે ખોરાક ખાઇએ છીએ તેને અનુક્રમે રસ, રકત, માસ મેદઅસ્થિ, મજ્જા ને છેવટે બળબીજ (વીર્ય) થાય છે વીર્ય એજ શરીરનું સત્વ તત્વ કે શરીરનો રાજા છે જેમ દુધમા ઘી અને શેરડીમા રસ ગુપ્તપણે રહેલ છે તેજ પ્રમાણે આપણા શરીરમા વીર્ય રહેલું છે

વૈદક શાસ્ત્રના નિયમ પ્રમાણે જે આપણે ખોરાક ખાઇએ છીએ તેનુ લગભગ એકમાસે વીર્ય થાય છે એ મણ અનાજમાથી બશેર લોહી થાય છે અને બશેર લોહીમાથી ૨થી ૨॥ રૂપીયાભાર વીર્ય થાય છે એક વખતના વીર્યપાતમા ૨ થી ૨॥ રૂપીયાભાર વીર્ય જાય છે ને તેટલા વીર્યમા ૪ કરોડ જંતુઓ હોય છે ને તેને સૂક્ષ્મ દર્શક યંત્ર વડે જોવાથી આ જંતુઓ પ્રત્યક્ષ ગતિવાળા દેખાય છે. તો ખરેખર એક વખતના વીર્યનો ગેર ઉપયોગ તે ૪ કરોડ જંતુને મારવા બરાબર છે તો તેનો કોઇપણ રીતે નકામો વ્યય ન કરવો જોઇએ માણસો પૈસાની કરકસર કરી ચાલે

છે પણ એક અમૂલ્ય ચીજ બળબીજ છે ને તેના ઉપર પૈસા, ટકા, માલ મીલકત આરોગ્ય, આયુષ્ય ભોગવવાનો આધાર છે, અને આખી જીંદગીનું જીવન છે તેનો કોઈ હિસાબ કે મનમાં લાગણી રાખતું નથી. અને આજ કાલના જુવાનીઆઓ હાથરસ સૃષ્ટિકર્મ વિરૂધ્ધ મૈથુન અતિ સ્ત્રી સેવન વગેરે કાતિલ કુટેવોમા સપડાઇ કાચા વીર્યને તોડી શરીરને ખરેખરો ધક્કો પહોંચાડે છે.

પ્રાચિન ધર્મ શાસ્ત્રના પુસ્તકો શાક્ષી આપે છે કે **હનુમાનજીને ભીષ્મ પિતામહ જીવન પર્યંત બ્રહ્મચારી રહ્યા હતાં** બ્રહ્મચર્યના પ્રભાવથી હનુમાનજીએ સમુદ્રનું ઉલ્લંઘન કરી અસખ્ય રાક્ષસોની વચમા રાવણ જેવા મહાવીર યોદ્ધાને હરાવી લંકાં જીતી હતી. ને ભીષ્મ પીતામહે મહાભારતના યુધ્ધમાં કૌરવોની આબાદી માટે તેમનો પક્ષ સ્વીકારી શ્રી કૃષ્ણ જેવા રણવીર યોદ્ધાની પ્રતિજ્ઞાનો ભંગ કરાવી પોતાની પ્રતિજ્ઞાને અખંડ રાખી હતી અને આધુનિક સમયમા પ્રોફેસર રામમૂર્તી જેવા ઘણા સેંડો બ્રહ્મચર્યના પ્રતાપથી લોકોને અચંબો પમાડે છે આવા મહાબળિષ્ટ વીર્યનો આજકાલના જુવાનો હાથરસ સૃષ્ટિકર્મ વિરૂધ્ધ કર્મ વગેરે કાતિલ કુટેવોથી કાચા વીર્યને તોડી નાખી ગુહ્ય અવયવની પાયમાલી કરી નાખે છે વળી તે ભાગ બળહીન થઇ કદમા ટુંકો મૂળમાથી પાતળો ને વાંકો થઈ જાય છે અને વીર્યનો ક્ષય થાય છે શરીરમાં અશક્તિ આવી અનેક રોગો થઈ અકાળકાળે મૃત્યુને વશ થાય છે માટે દરેક માણસ પોતાનું વીર્ય સુધારી બ્રહ્મચર્ય પાળી નિયમિત જીવન ગાળે તોજ આપણા પૂર્વજોની બરાબરી આપણે કરી શકીએ અને ત્યારેજ આપણા દેશનો ઉદય રવિ ચમકાવી આશા

વામાવિલાસમાં વિજળિક શક્તિ છે.

રાખીશું

સ્ત્રી પુરૂષોએ પાળવાના અગત્યના નિયમો.

સ્ત્રી જ્યારે ઋતુમા આવે છે (છેટે બેસે) ત્યારે પોતાના ધણીથી અલગ રહેવું અને નીચે પ્રમાણેના નિયમો પાળવા. દિવસે સુવું નહિ આખમા અંજન આજવુ નહિ; રોવું નહિ, સ્નાન કરવું નહિ, નખ ઉતારવા નહિ, જમીન ખોતરવી નહિ, દોડવું નહિ; બહુ બોલવું કે હસવું નહિ, શરીરને ભારે મહેનત આપવી નહિ. બહુ તીખા ખાટા ને ગરમ પદાર્થો ખાવા નહિ, સાદા ને પૌષ્ટિક ખોરાક ખાવો. વૈદકશાસ્ત્ર કહે છે કે ઋતુમતી સ્ત્રીને દિવસે સુવાથી, પ્રજા ઉંઘણસી થાય છે, અંજન આજવા ને રોવાથી અંધળી કે આખોના રોગ વાળી થાય છે, સ્નાન કરવાથી દુઃખીને છાતીના રોગ વાળી થાય છે, નખ ઉતારવાથી નખના રોગ વાળી, બહુ હસવાથી દાત, હોઠ ને જીભ ઉપર જરા કાળાશ વાળી, જમીન ખોતરવાથી માથામા ટાલ, ઉદરી વગેરે રોગ વાળી, ને બહુ મહેનત કરવાથી કદ રૂપી થાય છે, તો ઋતુમતી સ્ત્રીએ ઉપરના નિયમો પાળવા પળાવવાના ખાસ જરૂર છે ને હંમેશા નીતિમય ધર્મ શાસ્ત્રના પુસ્તકોનું અધ્યયન કરવુ જોઇએ. ને પુરૂષે પણ ઋતુમતી હોય ત્યારે તેના પ્રત્યે કામ વાસનાની દ્રષ્ટિથી જોવી નહિ ને સ્ત્રીને દુધ ઘી ને પૌષ્ટિક ખોરાક આપવો. વાજી કરણ (ઘોડાના જેટલું બળ આપનાર) ઔષધનો પ્રયોગ કરી વીર્યને બળિષ્ટ બનાવવું ધર્મ પુસ્તકો વિદ્વાનોના જીવન ચરિત્રો અને નીતિમય ગ્રંથો વાંચવા ને નીતિમાન રહેવું. આ તમામ અસર ભવિષ્યમા થતી પ્રજા ઉપર થાય

છે માટે પતિ પત્નિ બન્નેએ ઉપરના નિયમો પળાવવા ખાસ કાળજી રાખવી જોઈએ

મરજી પ્રમાણે બાળક ઉત્પન્ન કરવાની રીત.

ઉપર પ્રમાણે નિયમો પાળી ચોથા દિવસે સ્નાન કરી જગતકર્તાનું ધ્યાન ધરવું ને ઋતુકાળના દિવસથી છઠે, આઠમે, દશમે, બારમે દિવસે મતલબ કે બેકી વાળા દિવસોએ બન્ને જણાએ ધર્મ શાસ્ત્ર અને મહંત પુરૂષોના જીવન ચરિત્રના નીતિમય વિચારો મનમા રાખી ઋતુદાન આપવું. ઋતુદાન માટે મધ્ય કાળ, મધ્ય, રાત્રી, સાયંકાળ અને સવાર આટલા ટાઇમો વર્જિત છે યોગ્ય નથી, વૈદ્યક શાસ્ત્રના નિયમ પ્રમાણે ઋતુમતી સ્ત્રીનું સ્નાન કરી રહ્યા પછીના એકીવાળા દિવસ વીર્ય બળવાન હોય છે ને બેકીવાળા દિવસ પુરૂષનું વીર્ય બળવાન હોય છે તો એકીવાળા દિવસે ઋતુદાન આપવાથી ગર્ભનું સંતાન દીકરી અને બેકીવાળા દિવસે પુત્ર થાય છે એ યાદ રાખવું. સ્ત્રી પુરૂષોએ સુવાનો ઓરડો અને બીછાનું સ્વચ્છ અને ચોકખી હવા અજવાળાના સોઇ વાળા રાખવા અને તે ઓરડામા દેશના મહાન પુરૂષોના ચિત્રો રાખવા જોઈએ. ઋતુદાન આપવાના દિવસોના સ્ત્રીએ સવારમા ઉઠી પોતાના ધણીનું મોઢું જોવું અને જે મહાન પુરૂષોની છબીઓ હોય તે તરફ દ્રષ્ટિ કરવી. ગર્ભાશયમા એક કુદરતી એવો કેમેરા છે કે ગર્ભ રહ્યા પછી પહેલા દિવસ સવારમા જે માણસનું મુખ જોવામા આવે છે તે માણસના ચહેરાની છબી પડી જાય છે માટે તે ઉપર પુરતું લક્ષ આપવું ગર્ભ રહ્યા પછી સ્ત્રીએ સાદો ને

વામાવિલાસ ખાલી મગજને ભરપુર કરે છે

પૌષ્ટિક ખોરાક ખાવા પણ જુદી જુદી ચીજોનો ખાવાની ઇચ્છા થાય તે શરીરને નુકશાન કરે નહિ તેવી દરેક ચીજો ખાવા આપવી, બહુ સુઇ રહેવું કે સુમ્ન રહેવું નહિ થોડા થોડા શ્રમ કરતા રહેવું ગર્ભ રહ્યા પછી પહેલા પાચ મહીનામા સ્ત્રીએ શરીર આરોગ્ય ને તન્દુરસ્ત રહે તેવો ખોરાક અને મહેનત કરવી.

કારણકે તે પાચ માસમા ગર્ભાશયમા રહેલા બાળકાનું અવયવ ઘડાય છે અને પાચ માસ પછી મગજ ઘડાય છે ત્યારે ધર્મ શાસ્ત્ર ને મહાન પુરૂષોના જીવન ચરિત્રો અને નીતિમય પુસ્તકોનો સતત્ અભ્યાસ રાખવો બાળકને જે ધંધામા કુશળ કરવો હોય તે ઉપર પુરતું જ્ઞાન રાખવું માતા ભરત ને ચિત્રકામ કરે તો બાળક એક મહાન ચિત્રકાર થાય ઐતિહાસિક બે દાખલાઓથી આપને બરાબર જણાશે જગત મશહૂર નેપોલિયન તેની માતાના ગર્ભમાં હતો ત્યારે તેની માતાએ રણસંગ્રામમા ઉતરી પુરતું પરાક્રમ બતાવ્યું હતું, તે ગર્ભાશયમા તાલીમ પામેલા પુરૂષ આખી દુનીઆને ધ્રુજાવે તેમા શું નવાઇ! મહાન શિવાજી શૂરવીર પોતાની માતાના ઉદરમા રહી મહાભારત રામાયણ વગેરે પરાક્રમની પુસ્તકોની તાલીમ લીધેલી હોવાથી જગતમા શૂરવીર તરીકે નામના મેળવી તે દેખીતું છે. ઉપલા બે મહાન પુરૂષો એક સાધારણ સ્થિતિના માણસો હતા પણ તેઓએ ગર્ભાશયમાજ પુરતી તાલીમ લીધેલી હોવાથી જગત મશહૂર શૂરવીર પુરૂષો થઇ ગયા તેઓ સાધારણ હતા પણ તેમનું નામ અત્યારે મહાન અને અમર છે. તે સર્વે ગર્ભાશય શાળાના અભ્યાસનો પ્રભાવ છે. બહારની દશ બાર વરસની નિશાળ કરતા આ નવ માસની નિશાળ ચડી જાય છે માટે

વામાવિલાસની સેવનથી મ્હોનો ચહેરો તેજસ્વી રહે છે.

દરેક માતાએ પોતાના ગર્ભાશયમા રહેલા બાળક ને બરાબર તાલીમ આપવી જોઈએ, જગાનો અવકાશ ન હોવાથી ટુંકામા જણાવું છું કે ગર્ભ ધારણ થવા પછી અને બાળક ધાવતું હોય ત્યારે પણ પુરૂષસંગ એક દમ ઓછો કરવો, કજીયો કંકાસ કરવો નહિ, મનને હંમેશા આનંદમા રાખવું. સારી સોબત અને નીતિમય સદ્વર્તન રાખવું, મનની દરેક ઇચ્છાઓ પુરી પાડવી ઉપર કહેલા તમામ નિયમો પાળવાથી મરજી પ્રમાણેનું સંતાન મેળવી શકશે.

દિનચર્યા.

દિનચર્યામા દિવસ તથા રાતના આપણા શારીરિક તથા માનસિક વર્તનો અને વિચારોનો સમાવેશ થાય છે. આ દિનચર્યા ઉપર શરીર સંરક્ષણ તેમજ આપણી સંસારિક ઉન્નતિનો ઘણો મોટો આધાર છે સદ્વર્તન ઉપર માણસની શરીરિક ને માનસિક વૃત્તિઓ ઘડાય છે માટે દરેક માણસે નિત્યકર્મમા નિયમિત રહેવું જોઈએ. નિત્યકર્મ એટલે જગત કર્તાનું સ્મરણ, સંધ્યા પુજનાદિ ને ઉપરાત મળશુધ્ધિ મુખશુધ્ધિ, સ્નાન, કસરત, ભોજન, મુખવાસ, શયન ઈત્યાદિ તમામ કામમાં નિયમિત રહેવાની જરૂર છે આ જગાએ સંક્ષેપમાજ લખવામાં આવ્યું છે

૧—દરેક માણસે આયુષ્ય રક્ષણ માટે પાછલી ચાર ઘડી રાત રહે ત્યારે એટલે ચાર પાચ વાગ્યાના શુમારે પથારીમાંથી જાગૃત થઈ તુરત પેદા કરનાર જગત કર્તાનું સ્મરણ કરવું પછી જો ખાસ નિરોગી રહેવું હોય અને વૈદ્યો, ડાકટરોના બીલો ના ચુકવવા

હોય તો તુરત ઉષાપાન (પથારીમાંથી જાગૃત થાય કે તુરત ગતનું વાસી પાણી અચ્છેરના આશરે પીવું.) કરવું તેના માટે પ્રાચિન દરેક ઋષિઓ લખી ગયા છે કે હરસ, સાજો, ઝાડો, તાવ, પેટના રોગો, કોઢ ને ચામડીના રોગો, મેદરોગ, દરેક જાતના વાયુ વગેરે ચોસઠ જાતના રોગોને ઉષાપાન હણે છે યા અટકાવે છે. આ બાબતનો મને દશ વરસનો જાતિ અનુભવ છે. ઝાડાના કબજીઆત વાળાએ આઠ દિવસ આ પ્રયોગ અજમાવવો ફાયદો પડવાથી ચાલુ રાખવો મોડામા મોડું સૂર્યોદય પહેલા અડધા કલાક અગાઉ ઉષાપાન કરવું તે કરતા જલદી કરવામા આવે તો બહુ સારૂ.

૨—મળમૂત્રનો ત્યાગ, પ્રાતઃકાળમા ઉઠીનેજ કરવો તેથી આરોગ્યતા અને આયુષ્યની વૃધ્ધિ થાય છે. મળમૂત્રની હાજતને કોઇ દિવસ રોકવી નહી મળમૂત્રમા એક જાતનુ વિષ છે તે રોકવાથી માથામા તુરત દરદ થાય અને બીજા ઘણા રોગો થઈ આરોગ્યતાને બગાડે છે મળમૂત્ર જોર કરી કરવો નહિ ચોકખી જગાએ બેસવું તે સમય કાંઈ બોલવુ નહિ ને અવયવ તથા હાથ પગ બરાબર ધોવા

૩—મુખશુધ્ધિ મળમૂત્રનો ત્યાગ કર્યા પછી મો શુધ્ધ કરવુ તેમા દાતણ કે સારા મંજનનો ઉપયોગ કરવો દાતણમા બાવળ, લીમડા, બોરડી, વડ, વગેરેના દાતણ વધારે ઉપયોગી છે. જેમા તુરા, કડવા. અને ઠંડા ગુણ હોય તેવા દાતણ અને મંજનનો ઉપયોગ કરવો મોની અંદર જામેલો મેલ, કફ, દાતની છારી અને પેઢા ને જીભ ઉપરના પિત્તને દૂર કરવા જોઇએ. હમેશા બેસીને દાતણ કરવાની આદત રાખવી આથી મોઢામા કાંઈ જાતનો દુર્ગંધ રહે નહિ દાતણ

વેંત લાંબુ જરા જાડું ને કુમળું લેવું, દાતણની ગેરહાજરીમાં સ્વાદે તુરૂ અને જંતુ નાશક મંજન ઘસવું. દાતણના છેવટના ભાગમાં મોંઢામાં ઠંડા પાણીનો કોગળો રાખી. આંખો ઉપર ઠંડા પાણીની છાલકો મારવી. આથી આંખની ગરમી દૂર થઈ તેજ વધે છે.

૪—સ્નાન-તૈલાભ્યંગ એટલે તલના તેલનું શરીરે મર્દન કરી જરા ગરમ પાણીથી સાબુ ચોળી નહાવું તે જો દરરોજ તૈલાભ્યંગ ન કરી શકાય તો આઠ દિવસમાં એક વખત તો તેલનું જરૂર મર્દન કરવું આથી નીચે પ્રમાણે ફાયદો થાય છે. ૧ શરીરના અવયવો. કુમળાને મજબૂત થાય છે. ૨ રસ તથા રકતના બંધ પડેલા રસ્તાઓ ખુલ્લા થાય છે ૩ જીર્ણતાવ અને તજાગરમીથી તપેલું શરીર ઠંડું થાય છે. ૪ લોહીમાં મળેલો વાયુ દૂર થાય છે. ૫ હવામાં ઉડતા ઝેરી જંતુઓ અસર કરી શકતા નથી વગેરે ઘણા ફાયદા થાય છે. નાહતી વખત માથા ઉપર ગરમ પાણી નાખવું નહિ મગજ અને આંખને નુકશાન કરે છે. ઠંડું કે કોકરવરણું પાણી નાખવું બળવાન અને તનદુરસ્ત માણસે હંમેશા ઠંડા પાણીથી નહાવુ. નહાવાની જગા એકાંતમાં રાખવી, સખ્ત તાવ ઝાડો, આફરો, સળેખમ. કફ, તથા વાયુના રોગોમા તથા જમ્યા પછી તુરત નહાવું નહિ. નહાયા પછી જાડા કરકરા કપડાથી શરીર કોરૂં કરી નાખવું.

૫—ભોજન ખાવામા જેમ બને તેમ નિયમિત ને મિતાહારી રહેવું તે તન્દુરસ્ત ને દીર્ઘાયુષ્ય માટે અગત્યના નિયમો છે અધુરી ભૂખમાં કે અજીર્ણમાં ખાવું નહિ તેમજ ભૂખ લાગ્યા પછી તેને મારવી નહિ,

આ બેજાતની બેદરકારીથી શરીરને ભારે હાનિ થાય છે, ભૂખ લાગ્યા છતા નહિ જમવાથી લાકડાવીનાથી જેમ અગ્નિ લાકડાને બાળી પોતે ઓલવાતો જાયછે તેમ શરીરનો અગ્નિ મંદ પડે છે. માટે ખાવામાં ખાવાનો ઘંટ વાગે ત્યારે ખાવા કરતા ભૂખનો ઘંટ વાગે ત્યારે જમવું તે વધારે સારૂં છે. જમતા, પહેલા, હાથ, પગ, મોઢું બરાબર ધોઈ સ્વચ્છ ચિતે જમવા બેસવું. જમતી વખત મન પ્રસન્ન થાય તેવી વાતો કરવી અને કરાવવી, અને દરેક ગ્રાસ (કોળીયો) બરાબર ચાવી ને ઉતારવો, જમવાના વાસણો સ્વચ્છ રાખવા, જમવાની વસ્તુઓ બહુ જાના નહિ તેમ એકદમ ઠંડી કે વાસી ન હોવી જોઈએ સાદો ને કાળના પ્રમાણમા જીવન ટકાવી શરીર તન્દુરસ્ત રહે તેવો ખોરાક લેવો, એક બીજાથી વિરૂદ્ધ ગુણવાળો ખોરાક લેવો નહિ મૂળા સાથે દુધ ન ખાવું, દુધમા ગોળ ન ખાવો, મધ ને ઘી સરખા વજને ખાવા નહિ, જમવા પહેલા રોટલી ખાવી અને પછી ભાત, દૂધ અગર છાશ લેવા, જમતા અગાઉ પાણી ન પીવું જરૂર પડે તો ભોજનના મધ્ય ભાગમા થોડું પાણી પીવુ. ને જમ્યા પછી જુજ પાણી પીવુ થોડા વખત ગયા પછી મરજી પ્રમાણે પાણી પીવુ જમીને તુરત ચાલવુ કે મહેનતનું કામ ન કરવું, જમ્યા પછી તુરત ઉંઘવુ નહિ, તેથી કફ વધી જઠરાગ્નિ મદ પડે છે, જમ્યા પછી નહાવું કે કસરત કરવી નહિ, પાણીના કોગળા કરી દાત, મોઢું, સાફ કરવું જમ્યા પછી હાથ ધોઇ બન્ને હથેળીઓ સામ સામા ઘસી ને હાથ આખો ઉપર લગાડવાથી આખોના રોગો મટે છે ને તજા ગરમી દુર થઈ આખોનુ તેજ વધે છે.

૬—મુખવાસ પ્રથમ પાણીના પુષ્કળ કોગળા કરી મો સાફ કરવું મુખવાસનો પહેલો હેતુ મો સાફ કરવાનો છે જો તે કામ પાણીથી થતું હોય તો સોપારીના ફાકડા અને પાનના ડુચા મારવાની કશી જરૂર નથી. મુખવાસની વસ્તુઓમા આપણા દેશમા સોપારી, પાન, એલચી, તજ, લવંગ, વરીયાળી અને ધાણા છે પણ હાલતો બાધું કે તુરત હાથમા બીડીને દીવાસળી જોવામા આવે છે તેનો ત્યાગ કરવો જોઈએ. મુખવાસ સ્વાદિષ્ટ ને મોને સાફ કરી મોઢામા થુંક પેદા કરે એવા પદાર્થો જુજ ખાવા જોઈએ થુંક પાચન શક્તિને મદદ કરે છે. સોપારીમા એક એવો ખરાબ દુર્ગુણ છે કે શરીરના સાંધાઓ તથા ધાતુને ઢીલા કરે છે કંઠને બગાડે છે પણ કેટલાક લોકો ઘોડાના જોગણુની પેઠે બરડ બરડ ચાવ્યા કરે છે તે તેનો જુજ ઉપયોગ કરવો જોઈએ. બહુ પાન ખાવાથી શરીરમા આખનું તેજ, દાંત, જઠરાગ્નિ, કાનની વૃદ્ધિ અને બળ વગેરેને હાનિ કરે છે પણ પાનનું દીટુ ને ટોચ કાઢી નાખી નસો સાફ કરી ચોકખા ને યોગ્ય કાથા ચુનાથી દિવસમા ત્રણ ચાર વાર ફકત ખાવા. એલચી, તજ ને લવંગ શરીરમાં ગરમી પેદા કરી સુવાસ આપે છે મુખવાસ તરીકે સારામા સારી ચીજ વરીયાળી ને ધાણા છે, કારણંકે તે દીપનને પાચન છે.

૭—શયન સારી ઉંઘ મેળવવાની ઉત્તમ દવા શ્રમ છે જે લોકો દિવસે મહેનત કરતા નથી અને આળસુ થઇ પડી રહે છે તેમને રાત્રે સારી ઉંઘ આવતી નથી રાત્રે ખાવાથી સ્વપ્નાં આવે તે મગજ બેચેની બતાવે છે જે માણસોને સ્વપ્ના આવતા હોય તમણે થોડું જમવું ને સુતી વખત ઠંડા પાણીથી માથું ધોઈ સૂવુ જે માણસોને રાત્રે વીર્ય

વામાવિલાસ શરીરમાની સર્વ કળતરોને નાશ કરે છે.

પાત થતો હોય તેણે સુતી વખત ઠંડા પાણીથી નહાઈ સુવું, આખી જીંદગીના અડધા દિવસો આપણે પથારીમાં ગાળવાના છે તો બિછાનું સ્વચ્છ ને પુરતી હવા અજવાળા વાળી જગાએ રાખવું સુતી વખત ઉંઘ ન આવતી હોય તો એક કલ્પિત દરવાજો ધારવો અને તેમા અસંખ્ય ઘેટાની હાર ચાલી આવે છે તેમ જોવું આમ કરવાથી ઉંઘ આવી જશે મોઢા ઉપર ઓઢીને સુવું નહિ, ટાઢ હોય તો માથું, કાન કપડાથી બાંધવાં પણ નાક બંધ કરવું નહિ ભીંતે અટકીને પથારી રાખવી નહિ દુનીઆદારોની તમામ ચિંતાઓ છોડી દઈ જગત કર્તાનુ સ્મરણ કરી સ્વસ્થ ચિત્તે સુવું.

૮—કસરત તન્દુરસ્ત માણસોએ પોતાની આરોગ્તા સાચવવા માટે શરીરને રૂચતી કસરત કરવી કસરતમા દંડ પીલવા, મગદળ ફેરવવા તે સારી રીત છે. ફરવા જવું તે સર્વોત્તમ કસરત છે, ફરવામાં ખુલ્લી હવામા શક્તિ પ્રમાણે દૂર જવું ફરવામાં સાંજ કરતાં સવારમાં ફરવા જવાથી વિશેષ ફાયદો થાય છે કસરત કરવાથી શરીરનું લોહી ઝડપથી ફરે છે શરીરના ઝેરી તત્વો પરસેવાને શ્વાસ વાટે બહાર નીકળે છે શરીરના ગાત્રો પ્રફુલિત થાય છે. અવયવ મજબુત ને ઘાટદાર થાય છે જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે એકદમ ભુખ્યા પેટે કે જમીને તુરત કસરત કરવી નહિ, માંદા અશક્ત માણસે કસરત કરવી નહિ

ઋતુચર્યા.

ઋતુ પ્રમાણે આબો હવામાં ફેરફાર થવાથી શરીરની પ્રકૃતિમાં પણ ફેરફાર થાય છે માટે તે જાણવાની ખાસ જરૂર છે.

૧ વર્ષા ઋતુ—અશાડ ને શ્રાવણ

૨ શરદ ઋતુ–ભાદરવો ને આસો.
૩ હેમંત ઋતુ–કાર્તક ને માગશર.
૪ શિશિર ઋતુ–પોષ ને માહ.
૫ સંવત ઋતુ–ફાગણ ને ચૈત્ર.
૬ ગ્રીષ્મ ઋતુ–વૈશાખ ને જેઠ.

વર્ષા ઋતુમા એટલે અશાડને શ્રાવણ માસમા પાળવાના નિયમો, આ ઋતુની સરૂઆતમા એક મધ્યમ જુલાબ લેવો. આ ઋતુમાં દરેક રસોનુ સેવન કરવુ અને જઠરાગ્નિ પ્રદિપ્ત કરે એવા પદાર્થો વિશેષ ખાવા દહીં ને છાસમા મીઠું નાખી ખાવામા દરેક ઋતુ કરતા આ ઋતુમા વધારે માફક આવે છે. એક વરસનું જુનું અન્ન ખાવું. વરસાદના દિવસોમા પાપડ, કાચરી, અથાણા, ગ્રાસ, લીંબુ, ઘી તેલ, પદાર્થો જેવા કે કંસાર, ભજીયા, વડા, વગેરે પદાર્થો ખાવા તળાવ, નદીના મેલાં પાણી પીવા નહી દિવસે ઉંઘવું નહી, કસરત, ઠંડો પવન, ભેજવાળી જમીન ભીંના કપડા, વાછટ સામા બેસવું, આ બધું ત્યાગ કરવું. શરદ ઋતુમાં એટલે ભાદરવા ને આસો માસમા પાળવાના નિયમો, આ ઋતુ એ રોગની મા છે. આ ઋતુમાં ઘણા ઉપદ્રવ થાય છે તો ખાસ શરીર સંભાળવાની જરૂર છે વર્ષા ઋતુમા પિત્તનો જમાવ થાય છે, ને ભાદરવા માસમાં ગરમી પડે છે કે પિત્ત પ્રકોપ થઇ પિત્તના તાવ ચાલુ થાય છે આ ઋતુના શરૂઆતમા ઝાડા ઊલટી વાટે પિત્ત નીકળી જાય તેવો એક જુલાબ લેવો કે જેથી પિત્તની શાન્તિ થાય ખોરાક યોગ્ય અનુકૂળ ખાવો તેમા સર્વોત્તમ ખોરાક દુધનો છે. દુધ સાકર, ચોખા, ને હલકો ખોરાક

માફક આવે છે શાકમાં કોળું, તાંદળજાની ભાજી વગેરે પિત્ત શામક શાક ખાવા ખટાસમાં લીંબુ આંબળી ખાવી, મસાલામાં ધાણાજીરૂ વાપરવું તે સિવાય કડવા, તુરા, ઠંડા ને હલકા પદાર્થો ખાવા, શેરડી દાડમ, ઘઉં, ચોખા, મગ વગેરે ખાવા, નદી અને તલાવનું પાણી પીવું. ચંદન ચંદ્રના કિરણો, પુષ્પની માળા, ધોળા વસ્ત્રો વગેરે શરદ ઋતુને હિતકારી છે. વાયુ પ્રકૃતિ વાળાએ શરદ ઋતુમાં ઘી થી પીત્તની શાન્તિ કરવી અને પિત્ત પ્રકૃતિવાળાએ ગળો, લીંબડાની અંતરછાલ, ખડસલીઓ પીત્તપાપડો, કરીઆતુ આમાથી એકાદ વસ્તુ રાત્રે પલાળી સવારે ગાળી પીવી સવારના ઝાકળ, ક્ષાર અતિભોજન, દહીં, તેલ તીખા, પદાર્થો સૂર્યનો તાપ, દિવસની નિંદ્રા, પૂર્વ દિશા તરફનો પવન, દુધનો ખોરાક ખાવો અને દહીંનો ત્યાગ કરવો.

હેમત ઋતુ એટલે કાર્તક માગશર માસમા પાળવાના નિયમો-આ ઋતુમા પચે તેમ પૌષ્ટિક ખોરાક ખાવો. પહેલા વીસ દિવસમા મધુર (મીઠો) ખોરાક ખાવો બીજા વીસ દિવસમાં લીંબુ, આબલી વગેરે ખાટા પદાર્થો ખાવા અને ત્રીજા વીસ દિવસમા જરા ક્ષાર વાળા પદાર્થો ખાવા સારી રીતે પોષણ કરે તેવો પૌષ્ટિકકારક ખોરાક ખાવો તૈલાભ્યંગ, કસરત, ગરમ કપડા આટલી વસ્તુઓ ફાયદા કારક છે

શિશિર ઋતુ પોષ અને માહ માસમા પાળવાના નિયમો-આ બન્ને માસમાં આપણા દેશમાં ઠંડી વિશેષ હોવાથી જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે તો બળ વર્ધક ને વાજીકરણ દવાઓ વાપરવી ઘી, દુધ, સાકર, પૌષ્ટિક પાકો વગેરે ખોરાક ખાવો તૈલાભ્યંગ અને ગરમ

કપડાં એનું સેવન કરવું.

વસંત ઋતુ ફાગણ ને ચૈત્ર માસમાં પાળવાના નિયમો–શિયાળામાં વિશેષ કરીને ચીકણા ને ઘી વાળા પૌષ્ટિક ખોરાક ખાવામાં આવે છે એને લીધે શરીરમાં કફનો સંગ્રહ થાય છે. કફ, મગજ, અને છાતીમાં સાંધાઓમાં જામેલો હોય છે તાપ પડવાથી તુરત તે ઓગળવા માંડે છે જેથી સળેખમ, કફ, ખાંસીના, દરદો થાય છે. માટે આ ઋતુમાં કફની શાન્તિ થાય એવો ખોરાક અને ઉપાયો કરવા. ખોરાકમાં જુનું અનાજ અને સાદો ખોરાક ખાવો. જુનું અનાજ કફને ઓછો કરે છે. મધ, કસરત, તેલમર્દન, પગચંપી વગેરે ઉપાયો કફની શાન્તિ કરે છે. મધ કફને તોડે છે અને કસરત તેલમર્દન તથા શરીર ચંપી શરીરના કફને છુટો પાડે છે. ભારે તથા ટાઢું અનાજ દિવસની ઉંઘ ચીકણા, ખાટા, મીઠા, પદાર્થો તથા નવું ધાન્ય એટલી વસ્તુઓનો ત્યાગ કરવો કિંવા ઓછા વાપરવી.

ગ્રીષ્મ ઋતુ વૈશાખ ને જેઠ આ બે માસમાં પાળવાના નિયમો–આ ઋતુઓમાં તાપ પડવાથી કફ અથવા શરીરના રસોનું વિશેષ શોષણ થાય છે જો તેના સામે ઠંડા ઉપચારો ન કરવામાં આવે તો શરીરમાં રસના શોષણની જગાએ વિશેષ વાયુ દાખલ થાય છે આ ઋતુમાં કફનો ક્ષય થાય છે અને વાયુનો સંગ્રહ થાય છે આ ઋતુમાં ગરમ પદાર્થ ખાવા નહિ, અને ઠંડા પદાર્થો ખાવા. વાયુ જેવા શત્રુને શરીરમાં દાખલ ન થવા દેવા માટે વિશેષ ઠંડાને મધુર રસોનું સેવન રાખવું મીઠા, હલકા, ઠંડાને રસવાળા પદાર્થો વિશેષ ખાવા તે માટે જગત કર્તાએ આ ઋતુમાં કેરી, જાંબુ, નારંગી, સંતરા, આંબલી

વગેરે રાખેલી છે ખારા, તીખા, ખાટા, લુખા, પદાર્થ કસરત,, તડકો, ગરમ મસાલા, અથાણાં. ઉષ્ણ ચટણીઓ આટલા વાનાનો બને તેટલો ઓછો અભ્યાસ રાખવો આ ઋતુમાં સાકર નાખ્યા સિવાય દહીં ખાવું નહિ શ્રીમંત લોકોએ શરબતો, શિખંડ, બરફ, આઈસક્રીમ ને વાળાની ટટ્ટીઓનો ઉપયોગ કરવો ને બગીચામાં ફરવા જવું. ગરીબ લોકોએ જુની આંબલીમાં ગોળ નાખી શરબત પીવું. બહુ મહેનત કરવી નહિ અને ગરમ મસાલા ઓછા ખાવા.

क्लीबरोठा विनाशार्थ, सज्जनानंद हेत वे
नाना वैद्य मतं ग्राह्यं, इमं ग्रंथ करोम्य ऽ हम्.

અર્થ—ક્લીબા એટલે નપુષક [નામર્દાઈના] નાશ કરવાને અર્થે તથા સજ્જન પુરૂષોને આનંદ પ્રાપ્ત થવાના હેતુ માટે અનેક વૈદ્યોનો મત (વિચાર) ગ્રહણ કરીને હું ગ્રંથ લખુ છું.

નપુષકના સશ્રુતના મત પ્રમાણે પાચ પ્રકાર છે આસેક્ય, સોગંધિક કુંભિક, ઈર્ષ્યક અને ષંઢ, પણ હાલ ચાલુ જમાનામાં નપુશકતાને ધાતુ દોષિત થવાના નીચેના કારણો છે.

હસ્તદોષથી, સૃષ્ટિવિરૂધ્ધ કર્મથી, અતિશય સ્ત્રી સેવનથી, પ્રમેહ ચાંદી વગેરે રોગથી રજસ્વળા નહીં થએલી કન્યા સાથે ભોગ કરવાથી, પ્રદરના રોગો કરી જેની યોની દોષિત હોય તેની સાથે ભોગ કરવાથી, ગુહ્ય ભાગ ઉપર કોઈપણ પ્રકારની ચોટ (માર) લાગવાથી, તે ભાગ ઉપર શસ્ત્ર નખ વગેરેના લાગવાથી, વગેરે કારણોથી ગુહ્ય ભાગની નસો શિથિલ (નરમ) થઇ તે ભાગ મૂળમાંથી પાતળો, કદમાં

ઢુંકે।, ને વક્ર થઇ બળહીન બને છે. આથી સ્વપ્ન વિકાર, પેસાબમા ધાત જવી, કમર, બરડો ને માથામા દુખાવો થવો, પગમાં કળતર થવી, વગેરે શરીરમા અનેક રોગો થઇ શરીર તથા વીર્ય સંતાન ઉત્પતિને માટે યોગ્ય રહેતું નથી. તેના માટે વિદ્વાન અનુભવી સિદ્ધ વૈદ્યાની સલાહ પ્રમાણે પ્રથમ વિરેચન કરાવી કોઠો સાફ કરી ઉત્તમ વાજીકરણ ઔષધથી વીર્યાશય સુધારવું અને ગુહ્ય ભાગ ઉપર ઉત્તમ દવાનું માલીસ કરવો. આથી ગુહ્ય ભાગની નસોમા કમતાકતીનું પાણી જે ભરાઈ ગએલ હોય છે તે નીકળી જાય છે ને ખાવાની દવાથી વીર્યાશય સુધારીને વીર્યના તમામ દોષોન સુધારી અસલ હાલતમાં લાવે છે માટે આવા રોગ વાળાએ વિદ્વાન ને અનુભવી વૈદ્યની દવા ખાઈ તુરત આ રોગમાથી મુક્ત થવુ. આજકાલના ઘણાખરા વૈદ્યા ધાતુને ઉશ્કેરે તેવી દવાઓ ખવરાવે છે પણ જ્યા સુધી પાત્ર ફુટલું હોય ત્યા સુધી ગમે તેટલું તેમાં ભરીએ પણ તેજ પ્રમાણે ખાલી થઈ જાય માટે એવી દવા ખાવી જોઇએ કે વીર્યાશયને સુધારી તેના તમામ દોષોને દૂર કરી તે ભાગ અસલ હાલતમાં લાવે, ને તેજ પ્રમાણે યોગ્ય તિલ્લા, તૈલાદીકથી ગુહ્ય ભાગ ઉપર માલીસ કરી ને ભાગની તમામ ખામીઓ સુધારવી. પછી પૌષ્ટિક ખોરાક ખાવો આ તમામ બાબતો લક્ષમા લઈ પ્રાચિન ઋષિઓના સિધ્ધાનો પ્રમાણે પુરતો અનુભવ અને દરદીઓના આશીર્વાદ લઈ અમારી ફાર્મસીએ પુર્ણ શોધ કરી દવાઓ બહાર પાડી છે અમારી ફાર્મસીને નેકનામદાર ખુદાવંદ મહારાણાશ્રી ઠાકોર સાહેબના આશ્રયથી તમામ વનસ્પતિઓ દરસાલ હિમાલય, ગિરનાર, શેત્રુંજો વગેરે પર્વતોમાથી દરસાલ નવી

લાવવામાં આવે છે જેથી દરેક દવાઓ દરેક રોગને ચમત્કાર રીતે કબજામાં લઈ પુરતો આરામ બક્ષે છે.

હે આર્ય બંધુઓ! અમારી દવા ખાઈ આવા રોગોથી મુકત થાવો અગર આપને જેના ઉપર પૂર્ણ વિશ્વાસ હોય તેની દવા ખાઇ આ કાતિલ કુટેવના પંજામાંથી છુટી તમારૂં બળબીજ (વીર્ય) સુધારી આપની જીંદગી સુખી કરો એવી મારી વિનંતિ છે.

૧ વામાવિલાસ, નીચેની ફરીયાદો શ્રી મહાત્માની દૈવ્ય પ્રસાદી કે ચમત્કારી બુટ્ટી અજબ રીતે દૂર કરે છે.

૧ હસ્તકર્મ સૃષ્ટિક્રમ વિરૂધ્ધ મૈથુન વગેરે કોઇપણ કુટેવ તમને લાગુ પડી હોય તો

૨ તમો સ્ત્રી સંગમાં અતિશય પ્રવૃત્તિ કરેલી હોય તો,

૩ તમો લઘુ વયમાં વિવાહના પ્રસંગમા જોડાઇ જીંદગીનું તત્વ વીર્યનો વ્યય કરી નાખેલ હોય તો.

૪ તમારૂં વીર્ય પાતળું અગર તો ક્ષીણ પડી ગયું હોય તો.

૫ તમોને સ્વપ્નામા વીર્યપાત થતો હોય તો.

૬ તમારી ઇંદ્રિ કમતાકાત વાળી થઇ ગઇ હોય તો.

૭ પેસાબ, હરવખત કરવો પડતો હોય અને પેસાબમાં વીર્ય જતું હોય તો.

૮ તમારો ગુહ્ય ભાગ ટુંકો, વાંકો અને શિથિલ (નરમ) થઈ ગયો હોય તો.

---

૯ તમોને ખાધેલો ખોરાક પચતો ન હોય અને દસ્ત સાફ આવતો ન હોય તો

૧૦ તમોને કમર, બરડો, માથામા, અને હાથ પગમા દુ.ખાવો થતો હોય તો

૧૧ તમારી યાદશકિત ગુમ અગર તો ઓછી થઈ ગઈ હોય તો.

૧૨ તમોને આંખે અંધારા કે ચકરી આવતી હોય તો.

૧૩ વિષય વાસના છતા તમો તેમજ તમારી સ્ત્રીની કામ વાસના તૃપ્ત કરી શકતા ન હોય તો.

૧૪ સ્ત્રીનો સ્પર્શ થતા અગર તો શૃંગારમય વાતો કે નૉવેલ વાંચતા વીર્ય સ્ખલિત થઈ જાતું હોય તો

૧૫ તમારી સ્ત્રીને પ્રદર, માસિક ઋતુ ગર્ભાશય વગેરેનું કાંઈ દરદ હોય તો તમોએ શ્રી મહાત્માની દિવ્ય પ્રસાદી વામાવિલાસનું નામ સાભળ્યું છે ન સાભળ્યુ હોય તો પોષ્ટ કાર્ડ લખી ને મંગાવી તેનો અમૂલ્ય લાભલ્યો.

તે દિવ્ય ચમત્કારી બુટ્ટી ઉપરના તમામ દરદોને અજાયબ રીતે દૂર કરી અખુટ શક્તિ બક્ષે છે આ દિવ્ય દવાના શ્રી શિવજીએ પોતાના મુખેથી નીચે પ્રમાણે પ્રસંસા કરેલી છે

रसायन वरो बल्यो वाजीकर ण उत्तमः !

रसविलासे, श्री महात्मा प्रकाशित. !

યહ સર્વોત્તમ વાજીકરણ રસ હૈ મહાત્માકા કહા હુઆ વિલાસ રસ હૈ જીસકે ઘરમેં સો સ્ત્રી હોવે ઔર અતિ મૈથુન કરતા હૈ ઉસકો

ચમત્કારી તિલ્લા ગુહ્ય ભાગની નસોને મજબૂત કરે છે.

યેહ રસ સેવન કરના ચાહીએ ઈસકે સેવનસે શુ ધાતુ કભી શિથિલ નહિ હોતા કભી શુકકા (વીર્ય) ક્ષય નહીં હોતા નબલકા વ્હાસ હોતા કામરૂપ ઓર બુઢાભી સોલાહ બરસકે સમાન હો વગેરે વગેરે.

ઉપર મુજબ પ્રાચિન ગ્રંથમાં શ્રી મહાત્માએ પોતાના મુખેથી આ વિલાસ રસની પ્રસંશા કરેલી છે સંસ્કૃત ને વ્રજ ભાષા ઉપરથી શ્રી મહાત્મા અક્ષરે અક્ષર લખ્યા છે.

આ દવામાં ચમત્કારી જંગલની અલૌકિક બુટ્ટી હસ્તીકંદ વગેરે ચમત્કારી વનસ્પતિઓ, કસ્તુરી, કેસર, ચાંદી સોનાના વરક, વગેરે અમૂલ્ય ચીજોની બનાવટ છે.

આ રસના સેવનથી હાથરસ, સૃષ્ટિ વિરૂધ્ધ મૈથુન અતિશય સ્ત્રી સેવન, પ્રમેહ, ચાદી વગેરે કોઈપણ કારણથી બગડેલા વીર્ય અને વીર્યાશયને અજબ રીતે સુધારી વીર્યના તમામ દોષોને સુધારી અખૂટ શક્તિ લાવી પૂર જોશમાં પુરૂષાતન બક્ષે છે આ દૈવ્ય ચમત્કારી દવા શરીરના તમામ રોગોને તાજુબી રીતે દૂર કરી શરીર રૂષ્ટપુષ્ટ બનાવી અજબ શક્તિ પ્રાપ્ત કરે છે રોગીએ રોગ મટાડવા સારૂ નિરોગીએ રોગ ન થવા સારૂ આ દૈવ્ય દવા જરૂર વાપરવી જોઈએ સર્વે રોગને આ દવા સિંહ સમાન મ્હાત કરી અખૂટ કૈવત બક્ષે છે આ દવા ખાધા પહેલા પોતાના શરીરનુ વજન કરી લખી રાખવું અને આ દવા વીધિ પૂર્વક ખાધા પછી પોતાના શરીરનું વજન તપાસી જોવું વજનમાં કેટલો તફાવત પડે છે એજ અમારી દવાનો ચમત્કાર ને પ્રશંશા. અમારી દવાઓની અમારે પ્રશંશા કરવી વ્યાજબી નથી પણ દવા પોતાના ગુણની પોતે પ્રશંશા કરે તે સારૂં દરેક આર્ય બંધુઓને

આ દૈવ્ય દવા વાપરવાની અમારી ખાસ ભલામણ છે તેની બનાવટ પ્રમાણે તેની કીંમત ઘણીજ જુજ રાખવામાં આવેલી છે જેથી ગરીબ ને સાધારણ માણસ ખરીદ કરી શકે. એક વખત વાપરી અમારી અને અમારી દવાની ખાત્રી કરો. ડબી એક ગોળી નંગ ૩૨ કીંમત રૂ. ૩-૮-૦

૨ નપુષકનાશક તેલ.

ઉપલા કોઈપણ કારણથી ગુહ્ય ભાગની નસો નરમ પડી તે ભાગના અવયવમાં ફેરફાર થઈ સંસાર સુખ ભોગવવામાં અશકત થઈ જાય છે ગમે તે સ્થિતિએ પહોંચેલા નપુશકપણાનો સત્વર અજાયબ રીતે નાશ કરે છે હસ્ત કર્માદિ કુટેવથી સૃષ્ટિકર્મ વિરૂધ્ધ મૈથુન કરવાથી અતીશય સ્ત્રી સેવન કરવાથી, પ્રમેહ, ચાંદી વગેરે કોઈપણ કારણથી ગુહ્ય ભાગની નસોમાં કમતાકતીનું પાણી ભરાઈ જાય છે તેને આ ચમત્કારી યુનાની તિલ્લા અજબ રીતે તમામ ખામીઓ દૂર કરી સંસાર સુખ ભોગવવામાં અદ્દભૂત ચમત્કાર બતાવી આપે છે. આ તિલ્લો યુનાની હકીમાતની સારામાં સારી શોધ છે. એક વખત વાપરી દુઃખમય હાલતમાંથી છુટો અને સદાને માટે આ કાતિલ કુટેવની દુઃખરૂપી શિક્ષામાંથી મુકત થાવો કીંમત રૂ. ૩-૮-૦

સર્ટિફીકેટ એડન.

શ્રીયુત વૈદ્યરાજ સાહેબની સેવામાં.

સલામ સાદ વિનંતિ જે—આપના દવાખાનામાંથી મારા સ્નેહી સુતાર

